અમદાવાદ(ગ્રામ્ય)ના ક્માં મહે.એડીશ્નલ સીવીલ જજ અને જયુડિશયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ. મીરજાપુર, અમદાવાદ..

ફોજદારી કેસ નં.:–૧૧૬૬૮/૨૦૧૯

આંક:–

ફરીયાદી :– શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપીઓ :– લવજીભાઈ થાપા

**ગુનો : જી.પી. એકટ કલમ–૧૩૧ મુજબ**

## ચુ કા દો

૧. ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આરોપી સામે જી.પી. એકટ કલમ–૧૩૧ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા માટે પોલીસ ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવેલ છે. આજ રોજ ના. નેશનલ લીગલ સર્વિસ ઓથોરીટીઝના ઉપક્ર મે નેશનલ લોક અદાલતના આદેશ મુજબ આજ રોજ સ્પે. સીટીંગ રાખેલ છે.

૨. આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતાં તેઓને પોલીસ પેપર્સની નકલો મફત આપવાની ખાત્રી કરેલ છે. આરોપીને ગુના કબુલાત અંગે પૂછતા તેઓ ગુનાની કબુલાત કરતા હોઈ તેઓની ગુનાની કબુલાત પુરસીસ લીધી. તેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓને ગુનો સ્વેચ્છાએ કબુલ કરે છે. તેઓનો ના પ્રથમ ગુનો છે. અને તેઓ કોઈ પણ જાતની ધાક ધમકી કે દબાણ વગર ગુનો કબુલ કરે છે. અને તેને ઓછી સજા કરવા તથા દયા રાખવા વિનંતી કરી છે. આ કામે આરોપી ખરેખર પોતાની સ્વેચ્છાએ ગુનો કબુલ કરતો હોવાની ખાત્રી કરવામાં આવેલ છે. આમ આરોપીના ઉપરોકત સંજોગો જોતાં દોષિત ઠરાવી નીચે મુજબ હુકમ કરૂ છું.

## :: હુકમ ::

આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ:૨૫૨ અન્વયે જી.પી. એકટ કલમ–૧૩૧ અન્વયેના ગુના સબબ તકસીરવાન ઠરાવી આરોપીને રૂા.૨૦૦/– (અંકે રૂપીયા બસો પુરા)નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. અને જો દંડ ન ભરે તો દિન–૨ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ: ૧૩ મી માહે જુલાઈ, સને ૨૦૧૯ ના રોજ જાહેર કર્યો.

મુ: અમદાવાદ.

છઠ્ઠા એડી. જયુડી મે.જી.ફ.ક.
અમદાવાદ (ગ્રામ્ય) મીરઝાપુર.